Seat No. : _______________

# AL-103

**April-2016**

**B.A., Sem.-IV**

**Elective-211 : Gujarati**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) **બધા** પ્રશ્નો ફરજિયાત છે.

(2) **બધા** પ્રશ્નોના ગુણ સરખાં છે.

1. એકાંકી સાહિત્યસ્વરૂપ વિશે જણાવી, તેનાં ઘટકતત્ત્વો દર્શાવો.

**અથવા**

ગુજરાતીમાં એકાંકી સાહિત્યસ્વરૂપનાં ઉદ્ભવ અને વિકાસ અંગે જણાવો.

2. ચંદ્રવદન મહેતાનાં પ્રતિનિધિ એકાંકીઓને આધારે તેમની એકાંકીકાર તરીકેની પ્રયોગશીલતાને મૂલવો.

**અથવા**

ચંદ્રવદન મહેતાના પ્રતિનિધિ એકાંકીઓનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

3. ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**)

(1) 'ચંદ્રવદન મહેતાના પ્રતિનિધિ એકાંકીઓ'માં તખ્તાલાયકી

(2) 'અંતર-બહિર'માં આલેખાયેલ મનોસંઘર્ષ

(3) 'મા' એકાંકીમાં માતૃહૃદયની વેદના

(4) 'હું પરમેશ્વર'ની સમીક્ષા

4. વિચાર-વિસ્તાર કરો : (ગમે તે **બે**)

(1) જે જે પ્રાપ્ત થતો ઉપાધિયોગ
બની રહો તે જ સમાધિયોગ

(2) અંધ અને અજ્ઞ બેમાં ઓછો શાપિત આંધળો,

એકાંગે પાંગળો અંધ, અજ્ઞ સર્વાંગે પાંગળો.

(3) રેલાઈ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની

સિંધુના ઉરમાંથી તો ઉઠશે અમીવાદળી.

(4) પીળાં પર્ણો કદી નથી થતાં કોઈ કાળે જ લીલાં,

ભાગ્યાં હૈયાં કદી નથી થતાં કોઈ કાળે જ રસીલાં.

5. નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(1) 'અહમાચાર્ય'માં કોની ઉપર કટાક્ષ છે ?

(a) સમાજસેવક (b) વેપારી

(c) પ્રોફેસર (d) રાજકારણી

(2) 'હું પરમેશ્વર'નું કથાવસ્તુ શાના પર આધારિત છે ?

(a) રાજકારણ (b) સાંપ્રત સ્થિતિ

(c) ઈતિહાસ (d) ઉદ્યોગપતિ

(3) 'ધારાસભા'માં ભાણાભાઈને કઈ તકલીફ થાય છે ?

(a) તાવ આવે છે. (b) કાંટો વાગે છે.

(c) વીંછી કરડે છે. (d) પડી જાય છે.

(4) ગુજરાતી ભાષાનાં પ્રથમ એકાંકીકાર કોણ છે ?

(a) બટુભાઈ ઉમરવાડિયા (b) જયંતિ દલાલ

(c) ઉમાશંકર જોશી (d) ચંદ્રવદન મહેતા

(5) નીચેનામાંથી ભવાઈ શૈલીનું એકાંકી કયું છે ?

(a) અંતરજ્યોતિ (b) મા

(c) છેલ્લો દાવ (d) હોહોલિકા

(6) નીચેનામાંથી આધુનિક એકાંકીકાર કોણ છે ?

(a) શિવકુમાર જોશી (b) લાભશંકર ઠાકર

(c) જયંતિ દલાલ (d) બટુભાઈ ઉમરવાડિયા

(7) 'મદનમંદિર' એકાંકીસંગ્રહનાં સર્જકનું નામ જણાવો.

(a) ચંદ્રવદન મહેતા (b) ચિનુ મોદી

(c) યશવંત પંડ્યા (d) ર.વ. દેસાઈ

(8) નીચેનામાંથી કયું એકાંકી ઉમાશંકર જોશીની રચના નથી ?

(a) સાપના ભારા (b) પરી અને રાજકુમાર

(c) ઉડણ ચરકલડી (d) બારણે ટકોરા

(9) 'વડલો' એકાંકી રૂપકનાં સર્જકનું નામ જણાવો.

(a) જયંતિ દલાલ (b) દુર્ગેશ શુક્લ

(c) કૃષ્ણલાલ શ્રીધરાણી (d) ઈન્દુલાલ ગાંધી

(10) નીચેના એકાંકીમાંથી કયુ એકાંકી નટીશૂન્ય છે ?

(a) ધારાસભા (b) મા

(c) હોહોલિકા (d) અંતર-બહિર

(11) 'અત્રલુપ્તા સરસ્વતી' કયા પ્રકારનું એકાંકી છે ?

(a) પ્રહસન (b) ભવાઈ

(c) એકોક્તિ (d) રેડિયોરૂપક

(12) 'નિશાનચૂક માફ, નહીં નીચું નિશાન'માં શું કહેવામાં આવ્યું છે ?

(a) ઊંચુ ધ્યેય રાખવાથી સફળ થવાતું નથી.

(b) જીવનમાં ધ્યેય ઊંચુ જ રાખવું જોઈએ.

(c) જીવન ચાલે છે તેમ ચાલવા દેવું.

(d) ઉપરનામાંથી એકપણ અર્થ નથી.

(13) મહેશના મૃત્યુ માટે કોણ જવાબદાર છે ?

(a) નર્સ (b) શીલા

(c) ડૉક્ટર (d) ભૂધર

(14) અભિરથની પત્નીનું નામ શું છે ?

(a) નયના (b) વિમળા

(c) કમળા (d) મૃદુલા